सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૨ | મે ૨૦૦૨ | વિશેષાંક | અંક ૫

## વાલીઓને........

ગયે વર્ષે ભૂકંપને કારણે શિક્ષણની પ્રક્રિયા ખોરંભે પડી હતી. આ વર્ષે રાજયની અશાંત પરિસ્થિતિને કારણે ફરીથી શિક્ષણને નુકશાન થાય તેવું બન્યું. જો કે વર્ષનો અંત હોઈ અભ્યાસ ક્રમ તો ઘણો ખરો પૂરો થઈ શકયો હતો પરંતુ પરીક્ષાઓ લેવાશે કે કેમ ? તે દહેશત હતી પરંતુ વાલીઓનાં સહકારથી અને કાર્યકરોની વ્યવહાર કુશળતાથી પરીક્ષા સંપૂર્ણપણે સુપેરે લઈ શકાઈ છે. પરિણામની સાથે 'શારદ' નો આ વિશેષાંક આપીએ છીએ.

નાના ધોરણોમાં ગોખણપટ્ટીને બદલે વિદ્યાર્થીને સાથે રાખીને તમારી પ્રવૃત્તિઓમાં જોડીને તેને અનુભવ આપો તે જરૂરી છે. પર્યાવરણનો અભ્યાસક્રમ આ માટે પુરતી મોકળાશ આપે તેમ છે. તેનો લાભ લેવાને બદલે અપેક્ષિતમાંથી ખાલી જગ્યાઓ, જોડકાં વગેરે ગોખણપટ્ટીની પ્રક્રિયા આ વિષયમાં પણ પગ પેસારો કરી ગઈ છે. ખરેખર તો પર્યાવરણ માટે પાઠયપુસ્તક ન હોવું જોઈએ. પરંતુ મોટાઓને માર્ગદર્શન આપી શકે તેટલી જરૂરીયાત જ પાઠયપુસ્તકનીહોવી ઘટે. ઘણા વાલીઓ આ અંગે મને રૂબરુ મળ્યા. પોતાના બાળકે પરીક્ષામાં કંઈ ધાર્યું હતું ને કંઈક આવ્યું તેમ કહી નિરાશા વ્યકત કરી. તેમની સાથે ખુલ્લા મને મેં ચર્ચા કરી. તેમનાં પ્રશ્નોનું સંતોષ થાય તેટલું સમાધાન તેમને મળ્યું છે તેવો આનંદ પણ તેમણે વ્યકત કર્યો. આ બાબતમાં શિક્ષકો સાથે વાલીઓ સાથે આ અભિગમ આગળ વધે તેજરૂરી છે.

ઈનુભાઈ દવે
ના વંદન

## સાભાર સ્વીકાર

આપણા વિસ્તારના સંસદ સભ્ય અને જાણીતા સામાજિક કાર્યકર શ્રી બ્રહ્મકુમારભાઈ ભટ્ટની શુભલાગણી આ સંસ્થા પ્રત્યે હંમેશા રહી છે. ભારત સરકારનાં ઈન્ફરમેશન ટેકનોલોજી મંત્રાલય ( કોમ્પ્યુ. સોફટવેર ) તરફથી તેમની ભલામણને અનુસંધાને કેટલીક ઉપયોગી CD જે શાળાકીય અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી ગણાય, તે સંસ્થાને પ્રાપ્ત થઈ છે, તેનો આનંદ વ્યકત કરતાં અને સંસ્થા પ્રત્યેની તેમની શુભ લાગણી બદલ સંસ્થા વતી અને મારા તરફથી અંગત રીતે આભારની લાગણી વ્યક્ત કરું છું.

**સૂચના :**

નવા સત્રમાં શાળા ખૂલતાં શ્રેણી ૧ થી ૭ માટે શાળાનો સમય ૧૧ થી ૫ નો રહેશે. શ્રેણી ૮ અને ૯ માટે ૧૨-૧૦ થી ૫-૩૦ રહેશે.

વેકેશનમાં કામકાજનાં ચાલુ દિવસોએ પ્રથમ સત્રની ફી સવારનાં ૮-૩૦ થી ૧૦-૩૦ સુધીમાં ભરવાની રહેશે.

શ્રેણી ૧ થી ૩નાં પાઠય પુસ્તકો હાલ ખરીદવા નહી. શ્રેણી ૪ થી ૭ માટે ગુજરાત રાજ્ય પાઠય પુસ્તક મંડળે બહાર પાડેલા પુસ્તકો જ ખરીદવા.

## વિદ્યાર્થી સહકારી ભંડાર

વિદ્યાર્થીઓને સહકારી પ્રવૃત્તિઓનો સામાન્ય અનુભવ થાય અને સાથે સાથે તેમને જોઈતી વસ્તુઓ યોગ્ય ભાવેશાળામાં જ મળી રહે તે માટે વિદ્યાર્થી સહકારી ભંડારનો પ્રયોગ આ વેકેશનથી શાળામાં કરીએ છીએ. હાલ તેમાં એકથી સાતનાં પાઠયપુસ્તકો, વિદ્યાર્થીને ઉપયોગી નોટબુકો, રબર-પેન્સીલ જેવી સ્ટેશનરી વગેરે તેમાંથી પ્રાપ્ત થશે. શ્રેણી ૧ થી ૭ ના વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ શકશે. આ સ્ટોરમાંથી પુસ્તકો અથવા કોઈ સ્ટેશનરી ખરીદવી ફરજીયાત નથી.

## બાલમંદિર ...... પ્રફુલ્લિત થવા દો - પુષ્પોને

બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધી તે સંપૂર્ણપણે અભ્યાસક્રમનાં બોજામાંથી મુક્ત રહેવું જોઈએ. બાળકનાં સર્વાંગી વિકાસમાટે આ વાત ખૂબ મહત્વની છે. તેને નાની ઉંમરે થતાં અનુભવોમાંથી તેને એટલું બધું શીખવાનું મળે છે કે કોઈ ચોક્કસ પ્રકારનાં ચોકઠાનાં અભ્યાસક્રમ ને તેનાં માટે નકલ કરીને તેની સાહજીક વિકાસની પ્રક્રિયા અવરોધવી ન જ જોઈએ. બાલમનોવિજ્ઞાનનાં અનેક દેશોનાં શિક્ષણકારોએ આ માટે ભરપૂર પ્રયાસ કર્યો છે.

બાળકને આ પ્રમાણે સાહજીક પ્રવૃત્તિઓ આપીને તેનો વિકાસ કરવાનો અભિગમ અમે સેવ્યો છે. આમ છતાં વાલીઓ અક્ષરલેખન, શબ્દલેખન જેવા ચોકઠાનાં અભ્યાસક્રમો માટે એટલી બધી સભાનતા રાખે છે કે તે જોઈને દુઃખ થાય છે. અમુક વર્ગનાં બાળકને આ શબ્દો થઈ ગયા છે, આ વર્ગના બાળકોને આ શબ્દો હજી થયા નથી. તેવી ફરીયાદો પણ આવે છે. આ બધી અકળામણમાંથી પોતાનું બાળક પાછળ રહી જશે તે ડરથી અથવા તેનાં માટે ઉભા કરવામાં આવેલા ડરથી બાળક માટે તે ટયુશન રાખીને પોતાની જવાબદારી અદા કરવાનો સંતોષ લે છે. હકીકતમાં આ બધાથી બાળકનાં વિકાસ માટે ભારે ખતરો ઉભો થાય છે તેમ અમે માનીએ છીએ.

આથી બાલમંદિરમાં કોઈપણ કક્ષાએ ટયુશન ન જ હોવા જોઈએ તેવો અમારો આગ્રહ છે. આ શિસ્ત પાળવા સૌ વાલીઓને મારી વિનંતી છે. નાનપણથી જ બાળક ગડમથલ કરીને પોતાનો રસ્તો કાઢે તેવી તેને તાલીમ મળે તે જરૂરી છે એમ કરવાને બદલે ટયુશન આપીને અપંગ બનાવી દેવું કોઈ રીતે હિતકર નથી તે સમજવા હું સૌ વાલીઓને વિનંતી કરું છું. તમારી રીતે તમે બાળકનો વિકાસ કરવા પ્રયત્ન જરૂર કરો પરંતુ ટયુશન જેવી ચીલાચાલુ મદદ આ કક્ષાએ બાળકનાં વિકાસ માટે ખૂબ અવરોધક બનશે. બાલમંદિરનાં બાળક માટે અમને જરૂર જણાશે ત્યાં એવા બાળકોને વિશિષ્ટ મદદ કરવાનું આયોજન અમે અવશ્ય વિચારીશું તેવી ધરપત આપી વિરમું છું.

**કોમ્પ્યુટરઃ** કેળવણીખાતાએ કોમ્પ્યુટરનો વિષય શ્રેણી ૧૧ અને ૧૨માં દાખલ કર્યો છે. વિજ્ઞાનપ્રવાહનાં વિદ્યાર્થીઓને સંસ્કૃતનાં વિકલ્પે કોમ્પ્યુટર આવશે અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓને અંગ્રેજી, ગુજરાતી, વાણિજ્ય વ્યવસ્થા, નામાના મૂળતત્વો અને કોમ્પ્યુટર ઉપરાંત આંકડાશાસ્ત્ર અથવા વાણિજ્ય ગણિતનો વિષય પસંદ કરવાનો રહેશે.

## વાલીઓએ વાંચવા જેવું પુસ્તક
## (બારીએ ઉભેલી બાલિકા - તોત્તો - ચાન )

ચંચળવૃત્તિ અને તોફાનને કારણે શાળામાંથી કાઢી મુકાયેલી એક નાની છોકરી આજે જાપાનની ટેલીવીઝનની વિખ્યાત કલાકાર તરીકે અને યુનિસેફમાં જાપાનની સદભાવનાના દૂત તરીકેનું કાર્ય કરે છે. તેણે પોતાના શાળાકીય સંસ્મરણોની નોંધ કરતું પુસ્તક '૮૨ માં "તોત્તો-ચાન" નામે પ્રગટ કર્યું. પહેલે જ વર્ષે જાપાની ભાષામાં તેની ૪૫ લાખ નકલો વેચાઈ. જે આંકડો બીજે વર્ષે ૬૦ લાખે પહોંચ્યો.

તાજેતરમાં નેશનલ બુક ટ્રસ્ટે આ પુસ્તકનું અંગ્રેજી સંસ્કરણ બહાર પાડયું. તેનો ગુજરાતી અનુવાદ શ્રી રમણભાઈ સોનીએ તૈયાર કર્યો અને ગુજરાતી વાચકોને તેની ભેટ ૨૦૦૧માં પ્રાપ્ત થઈ શકી.

આપણે ત્યાં શિક્ષણની જે પરિસ્થિતિ છે તે સંદર્ભમાં આ પુસ્તકનું આગમન ઉપકારક બની રહેશે.

એક ચીલાચાલુ શિક્ષણ આપતી શાળામાંથી કાઢી મુકાયેલી નાની છોકરી માટે માતાને ખુબ ચિંતા હોવા છતાં " પોતાની આ નાનકડી બાળકીને પ્રેમભરી કાળજીથી લોકો સમજી શકે અને બીજા સાથે કેવી રીતે વર્તવું તે શીખે તે આશાએ " નવી શાળામાં દાખલ કરવાનો તે મનસૂબો ઘડે છે. તેનું સદભાગ્ય છે કે " તોમોએ " નામની એક એવી શાળા તેને મળી જાય છે કે જ્યાં તેની પુત્રી શાળાએ જવા માટે બીજા દિવસથી થનગની રહી હતી. આ છોકરીને પહેલે દિવસે જે કંઈ બોલવું હોય તે બોલવા દઈને શિક્ષકે પૂરા ચાર કલાક સુધી તેને સાંભળી, અને જ્યારે તેને કહ્યું કે તું " આ શાળાની વિદ્યાર્થિની છે " - ત્યારથી બીજા દિવસની સવાર ક્યારે પડે અને શાળાએ જવાનું ક્યારે મળે તેની તીવ્ર પ્રતીક્ષા તે કરતી રહી.

આ શાળા ૧૯૩૭માં સ્થપાઈ હતી. સાંપ્રત શિક્ષણ પધ્ધતિની વિફલતા જોઈને કોબાયાશી નામના શિક્ષકે ૧૯૩૭માં આ શાળા શરૂ કરી. તેની ફીલોસોફી હતી -" બાળકોને કોઈ તૈયાર ચોકઠામાં ન નાંખો , એમને નિર્બંધ પ્રકૃતિમાં રહેવા દો, એમની પ્રફુલ્લ ઈચ્છાઓને રૂંધો નહી , એમના સ્વપ્નો તમારા સ્વપ્ન કરતાં વિશાળ હોય છે."

નકામી થઈ ગયેલી ટ્રેનના આઠેક ડબ્બાઓમાં આ શાળા શરૂ થઈ હતી. અને ૧૯૪૫માં યુધ્ધ દરમ્યાન બોંબમારામાં તે ધ્વસ્ત થઈ ગઈ. પણ આ ગાળામાં શાળાએ લેખિકા ઉપરાંત તેજસ્વી નાગરિકો તૈયાર કર્યા જે જાપાનમાં વિવિધ ક્ષેત્રે ઉંચી પદવી પર પહોંચ્યા.

આખું ય પુસ્તક એકવાર શરૂ કરીએ એટલે એક જ બેઠકે વાંચીને પૂરું કર્યા સિવાય છુટકો નથી તેવું રોચક બન્યું છે. લેખિકાએ અંદર નોંધેલા પ્રસંગો વિષે જણાવ્યું છે કે તે બધા જ પ્રસંગો વાસ્તવિક ઘટનાઓ છે. લેખિકા તેત્સુકો કુરોયાનાગિનું પુસ્તકનું નામ તોત્તો-ચાન મૂળ જાપાની ભાષાનું તેમનું તેમ રાખીને આ પુસ્તકનું શીર્ષક બન્યું છે. શ્રી રમણભાઈ સોનીનો અનુવાદ અત્યંત સરળ અને રોચક છે.

### એકલવ્ય સ્કોલર

**તેજસ્વી વિદ્યાર્થિનીઓ માટે એકલવ્ય સ્કોલરશીપ :** - અમને જણાવતાં આનંદ થાય છે કે " એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન " તરફથી " એકલવ્ય સ્કોલર " તરીકે કેટલીક સ્કોલરશીપ આપવા માટે આ સંસ્થાની પસંદગી થઈ છે. સંસ્થા આ માટે ગૌરવ અને આનંદની લાગણી અનુભવે છે. આ ઉપક્રમે શ્રેણી ૮,૯,૧૦,૧૧ (વિજ્ઞાનપ્રવાહ) અને ૧૧ (સામાન્ય પ્રવાહ) માં સૌ પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને આ સ્કોલરશીપ આપવામાં આવશે. આ સ્કોલરશીપ મેળવનાર " એકલવ્ય સ્કોલર " તરીકે ગણાશે. એક પ્રમાણપત્ર, રૂ.૫૦૦ અને એક માહિતીપૂર્ણ પુસ્તક દરેક સ્કોલરને આપવામાં આવશે. વિદ્યાર્થીઓના અભ્યાસની ધગશમાં ઉમેરો કરવામાં આ સ્કોલરશીપ ઉપકારક બનશે એવી મને શ્રધ્ધા છે. આ સંસ્થા આ માટે પસંદ કરવામાં આવી તે બદલ અમે એકલવ્ય ફાઉન્ડેશનના આભારી છીએ.

**પ્રોત્સાહક પ્રતિભાવો :**

લોકભારતીનાં એક વિદ્યાર્થીની પૌત્રી હાલ એક વર્ષથી આ સંસ્થામાં અભ્યાસ કરે છે. જેમણે જીવનભર શૈક્ષણિક સંસ્થાઓમાં જ કામ કર્યું છે તેમનો પ્રતિભાવ અમને તેમનાં એક વર્ષનાં અનુભવનો મળ્યો છે.

તેઓ જણાવે છે કે આ સંસ્થાએ શિક્ષણનાં ભાર વગરની શૈલી આપી છે તેવો અનુભવ મને થયો છે. બાળક ભારે ઉત્સાહથી શાળાએ આવે છે અને તેનો શાળામાં આવવાનો આ ઉત્સાહ અમને આશ્ચર્યમાં મૂકી દે છે. તેનું શાળાનું શિક્ષણ શરૂ થતાં પહેલાં અવૈધિક રીતે બાળકને શાળામાં આવવા દેવાની પ્રણાલી અનોખી અને અનુકરણીય છે અને તે નવી ભાત પાડે છે.

આ પત્ર અમને મળ્યો તેજ દિવસે યોગાનુયોગ વંદનીય અરુણોદયસાગર મહારાજશ્રી પણ આ સંસ્થાનાં કોમ્પ્યુટરરૂમ જોવા આવ્યા હતાં તેમને બાળકોમાં રસ હોઈ બાળકો સાથે વાતચીત કરીને આનંદ વ્યકત કર્યો. સંસ્થાની જુદી જુદી પ્રવૃત્તિઓ અને સંસ્થાનું વાતાવરણ તેમને ખૂબ ગમ્યું. તેનો આનંદ વ્યકત કર્યો એટલું જ નહી પણ લાગણીપૂર્વક મને તેમણે કહ્યું કે આ બધું જોઈને મારી આંખમાં હર્ષનાં આંસું આવી જાયછે.

સુજ્ઞ વાલીઓનાં ઉષ્માભર્યા પ્રતિભાવ અને મહારાજશ્રીનાં આશીર્વચન અમારા ઉત્સાહમાં ખૂબ વધારો કરે તેવો સંજોગ અમને પ્રાપ્ત થયો તેનો આનંદ છે.

**વેકેશનમાં અંગ્રેજીના વર્ગો :-**

શિક્ષણનું માધ્યમ ગુજરાતી હોવા છતાં વિદ્યાર્થીને સઘન અંગ્રેજી પ્રાપ્ત થાય તેવો અભિગમ આ સંસ્થાનો રહયો છે. પરીક્ષા પૂરી થયા પછી ૧૧મી એપ્રિલથી ૧૦મી મે સુધી દરરોજ ૧-૧/૨ કલાકનાં મૂવર્સ કક્ષાનાં અંગ્રેજીનાં વર્ગો હાલ સંસ્થામાં ચાલી રહયા છે અને વિદ્યાર્થીઓ તેનો લાભ લે છે.

આ વર્ગની ભૂમિકા એ છે કે બ્રિટિશ લાયબ્રેરીમાંથી કેમ્બ્રીજ દ્વારા યંગ ઈંગ્લીશ લર્નસ ( YEL) અંગેની માહિતી પ્રાપ્ત થતાં તે અંગે તપાસ કરીને વાલીઓને રસ હોય તો આ અભ્યાસક્રમનું આયોજન કરવું તેમ વિચારી આ અંગે વાલીઓની એક મીટીંગ બોલાવવામાં આવેલી. અત્યંત ઉત્સાહજનક પ્રતિભાવ અમને પ્રાપ્ત થયો. મુંબઈથી આ અંગે આ ક્ષેત્રમાં કામ કરી રહેલા એક કાર્યકરે બ્રિટિશ લાઈબ્રેરીનાં ઉપક્રમે એક દિવસનો સેમીનાર અમદાવાદમાં રાખેલો અને આપણા બે શિક્ષકોએ તેમાં ભાગ લીધેલો. ત્યાંથી થોડુંક સાહિત્ય આપવામાં આવેલું અને વધારાનું સાહિત્ય આગળ ઉપર આપવામાં આવશે તેમ જણાવેલું. શહેરની અશાંત પરિસ્થિતિને કારણે કાર્યક્રમમાં વિક્ષેપ પડતાં તે સાહિત્ય હજુ પ્રાપ્ત ન થઈ શકયું પરંતુ ઉપલબ્ધ સાહિત્ય ઉપરથી આપણે અહીંયા તેને આનુષંગિક સાહિત્ય તૈયાર કર્યું અને તેનો લાભ આજે વિદ્યાર્થીઓને અપાઈ રહયો છે. યોગ્ય સમયે કેમ્બ્રીજ સાથે સાંકળી લેવાનો ક્રમ અવશ્ય ગોઠવાશે તેવો મને વિશ્વાસ છે.

શ્રેણી ૧ થી ૪ માં પણ અંગ્રેજી ભાષાનો પરિચય બાળકો મેળવે તે માટે આ કાર્યક્રમને અનુલક્ષીને કેટલુંક સાહિત્ય અમે તૈયાર કરવા વિચાર્યું છે અને આગામી સમયમાં તૈયાર થતાં તે આપવામાં આવશે. ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતાં બાળકો અંગ્રેજીમાં જરાપણ પાછા ન પડે એટલું જ નહી પરંતુ સક્ષમ અંગ્રેજીના જ્ઞાનથી તેઓ સજ્જ બને તેવા અમારા પ્રયત્નો રહેશે.

**શ્રધ્ધાંજલી:** બાલમંદિર વિભાગમાં અભ્યાસ કરતા ભાઈ સીમીત સંદિપભાઈ શાહનાં અકાળ અવસાનની નોંધ લેતાં અમે ભારે દુ:ખની લાગણી અનુભવીએ છીએ. ઈશ્વર તેમનાં આત્માને પરમ શાંતિ આપે તેવી પ્રાર્થના.

---

તંત્રી ,મુદ્રક,પ્રકાશકઃ દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shardamandir@rediffmail.com